# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૧૩૮ તા. ૧૨-૦૨-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


## અમેરિકન અર્થતંત્રના આંકડાઓ પણ એક પછી એક પ્રોત્સાહક ટ્રેન્ડ

અમેરિકન અર્થતંત્રના આંકડાઓ પણ એક પછી એક પ્રોત્સાહક ટ્રેન્ડ દર્શાવે છે. ગયા અઠવાડિયે અમેરિકામાં બેરોજગારીના દાવાઓ એનાલિસ્ટોની અપેક્ષા કરતા ઘણા જ નીચા આવ્યા. એનાલિસ્ટોને એમ પણ બેરોજગારીના દાવા ઓછા આવશે તેવી ગણતરી હતી અને તેથી તેમણે ૨૧૬૦૦૦ બેરોજગારીના દાવાઓનો અંદાજ આપ્યો હતો અને તેની સરખામણીમાં બેરોજગારીના દાવા છેક બે લાખની નજીક ૨૦૪૦૦૦ નજીક આવ્યા છે અને તે પાસું અમેરિકન અર્થતંત્રનો મજબૂત અપટ્રેન્ડ દર્શાવે છે અને આ સમાચાર પછી ડાઉજોન્સ ૧૦૦ પોઈન્ટ વધીને વિક્રમી લેવલે પહોંચી ગયો હતો.

સામે પક્ષે અમેરિકામાં પ્રોડ્યુશર પ્રાઈસ ઈન્ડેક્ષમાં ૦.૨ ટકાનો ઉછાળો જોવા મળશે તેવી ગણતરી હતી અને તેની સરખામણીમાં પ્રોડ્યુશર પ્રાઈસ ઈન્ડેક્ષમાં કેવળ ૦.૧ ટકાનો વધારો થયો છે અને અલગ રીતે જોઈએ તો પ્રોડ્યુશર પ્રાઈસ ઈન્ડેક્ષની સરખામણીમાં ફુગાવા સાથે કરી શકાય અને જેટલો ફુગાવાનો દર નીચો તેટલું અર્થતંત્ર વધારે મજબૂત.

સામે પક્ષે ભારતમાં જેને રીટેઈલ ફુગાવો કહેછે અને અમેરિકામાં તેને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્ષ તરીકે દર્શાવાય છે તેમાં પણ ડિસેમ્બર મહિના દરમ્યાન ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે પરંતુ સૌથી મહત્ત્વનું પાસું અમેરિકન કંપનીઓના ડિસેમ્બર ક્વાર્ટરના આંકડાઓ છે. ભારતમાં જેમ ટોચની કંપનીઓ જાન્યુઆરીના પ્રથમ અને બીજા અઠવાડિયામાં પરિણામ આપવાનું શરૂ કરે છે તે રીતે અમેરિકાની ટોચની કંપનીઓ અને ખાસ કરીને નાણાકંપનીઓ તેમના આંકડાઓ જાહેર કરવા લાગે છે અને તેમાં અમેરિકાની ટોચની કંપની જેપી મોર્ગન ચેસમાં શેરદીઠ ૨.૩૫ ડોલરની કમાણીની અપેક્ષા હતી અને તેની સરખામણીમાં જેપી મોર્ગને ૨.૫૭ ડોલરની કમાણી દર્શાવી છે.

અમેરિકામાં ડિસેમ્બર મહિનાના વેચાણ આંકડાઓ પણ ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે અને ડિસેમ્બર મહિના દરમ્યાન રમકડાંનું વેચાણ કરતી ટાર્ગેટ્સનું વેચાણ ૧.૪ ટકા વધ્યું છે.

> અમેરિકન શેરબજારમાં વધારે તોફાની ઉછાળો જોવા મળે તેવી ગણતરી છ

અને તે પણ એક પોઝિટિવ સંકેત છે. આમ અર્થતંત્રના પોઝિટિવ આંકડાઓ પછી અને હવે અમેરિકા અને ઈરાન વચ્ચેની તંગદીલી એકદમ ઘટી ગઈ હોવાને કારણે અમેરિકન શેરબજાર અત્યારે ભડકે બળી રહ્યું છે અને આગામી દિવસોમાં ગુગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ, એનબીસી વગેરે કંપનીઓના પ્રોત્સાહક આંકડાઓ આવ્યા પછી અમેરિકન શેરબજારમાં વધારે તોફાની ઉછાળો જોવા મળે તેવી ગણતરી છે. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ-૫૦૦ એ તેનું અત્યાર સુધીનું સૌથી ઊંચું લેવલ ૩૩૦૦નું પસાર કર્યું છે અને હવે એનાલિસ્ટો ચીનના અર્થતંત્રના આંકડાઓની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ચીનની સરકારના દર્શાવ્યા મુજબ સને ૨૦૧૯ દરમ્યાન તેમના અર્થતંત્રમાં ૬.૧ ટકાની વૃદ્ધિ જોવાઈ છે. અને સરકારને તે મુજબની અપેક્ષા પણ હતી. જ્યારે અમેરિકન એજન્સી રોઈટર દ્વારા વિવિધ એનાલિસ્ટોનો સર્વે કરવામાં આવ્યો હતો અને તેમના દ્વારા પણ સને ૨૦૧૯ દરમ્યાન અર્થતંત્ર ૬.૧ ટકા વૃદ્ધિદર હાંસલ કરશે તેવી સંભાવના દર્શાવાઈ હતી. ચોથા ક્વાર્ટર દરમ્યાન ચીનના જીડીપીમાં આગલા વર્ષની સરખામણીમાં ૬ ટકાની વૃદ્ધિ જોવાઈ છે. આમ અમેરિકાએ ચીન ઉપર ટેરિફના અસંખ્ય પ્રતિબંધો લાદ્યા હોવા છતાં ચીનના અર્થતંત્રમાં વૃદ્ધિદર છે તેને કારણે પણ ભારતીય બજારો અને વિશ્વભરના શેરબજારોમાં મજબૂત ઉછાળાનો ટ્રેન્ડ આગળ વધી રહ્યો છે.

ભારતીય અર્થતંત્રમાં અત્યારે અન્ય રીતે કોઈ પોઝિટિવ પરિબળ નથી અને સીએએ અંગેના વિરોધો થોડા ધીમા પડ્યા છે. જ્યારે નાણામંત્રાલય અત્યારે બજેટની તૈયારીમાં છે. બજેટ અંગેની મોટા ભાગની મીટીંગો પણ પૂરી થઈ ચૂકી છે અને આ વખતે ટોચના ઔદ્યોગિક વડાઓ સાથે વડાપ્રધાને પોતે મીટીંગ કરી હતી. તેમ છતાં આ વખતના બજેટ અંગે શેરબજારના રોકાણકારો, અર્થશાસ્ત્રીઓ કે એનાલિસ્ટોને ખાસ કોઈ અપેક્ષા નથી કારણ કે સરકારની આવકના તમામ સ્રોત ઠંડા પડી ગયા છે અને તેમાં નજીકના મહિનાઓમાં કોઈ ઉછાળો આવે તે સંભાવના નથી દેખાતી અને સામે પક્ષે સરકારની ખાધ પ્રથમ ૮ મહિના દરમ્યાન જ લક્ષ્યાંક કરતા ઘણી બધી વધારે થઈ ગઈ છે અને તેથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો જે રીતે વિવિધ ખર્ચાઓમાં કાપ જાન્યુઆરીથી માર્ચ મહિના દરમ્યાન મૂકવા તત્પર છે તેની માઠી અસર આપણા અર્થતંત્રને એપ્રિલથી જૂન મહિના દરમ્યાન જોવા મળશે.

અગાઉ સારા ચોમાસાને કારણે દિવાળી પછી ગ્રામ્ય માંગમાં સુધારો જોવા મળશે તેવી આશા હતી અને ચાણક્યમાં પણ અમે આ જ પ્રકારની ગણતરી અને સંકેતો દર્શાવતા હતા પરંતુ આ વખતે તે ગણતરી તદ્દન ખોટી પડી હોય તેમ લાગે છે અને અત્યારે પણ વિવિધ એફએમસીજી કંપનીઓના વેચાણોના જે આંકડા છે તે સદંતર નિરાશાજનક ચિત્ર દર્શાવે છે. ઓટોમોબાઈલ કંપનીઓની પરિસ્થિતિ પણ નાજૂક છે અને અત્યાર સુધી પગારદાર વ્યક્તિઓની મોટી માગ ધરાવતા ટુ-વ્હીલરના વેચાણોને ખાસ અસર પડી નહોતી પરંતુ નવેમ્બર અને ડિસેમ્બર મહિના દરમ્યાન ટુ-વ્હીલરના વેચાણોમાં પણ તીવ્ર ગાબડું છે અને તે પાસું અર્થતંત્ર માટે ચિંતાનું કારણ છે. સામે પક્ષે કોમર્શીયલ વાહનોમાં માગ




ઠંડી છે અને તાતા મોટર્સ દ્વારા તો સ્પષ્ટ રીતે દર્શાવી દેવાયું કે કોમર્શીયલ વાહનોની માંગમાં છેક સપ્ટેમ્બર ૨૦૨૦માં જ સુધારો જોવા મળે તેવી સંભાવના છે. પેસેન્જર વાહનોમાં પણ કોઈ નવું મોડલ લોન્ચ થાય ત્યારે થોડા ઘણા વેચાણો જોવા મળે છે પરંતુ બે કે ત્રણ મહિના પછી તે મોડલ તરફનું આકર્ષણ ઊડી જતા ફરી પાછા વેચાણો અદશ્ય થઈ જાય છે.

આમ આ વિકટ પરિસ્થિતિને કારણે નાણામંત્રીનું બજેટ એકદમ નિરાશાજનક રહેશે તેમ અત્યારના તબક્કે લાગી રહ્યું છે.

આવી ખરાબ પરિસ્થિતિ વચ્ચે પણ સેન્સેક્ષે ગયા અઠવાડિયે પ્રથમ વખત ૪૨૦૦૦નું લેવલ પસાર કર્યું છે અને તેથી મોદીના ચાહકો કે જેઓ કોઈ પણ રીતે મોદીના વખાણ માટેના કારણો શોધી રહ્યા છે તેવો પ્રશ્ન પૂછી રહ્યા છે જો અર્થતંત્ર ખરાબ છે તો શેરબજાર કે જે અર્થતંત્રનું પ્રતિબિંબ કહેવાય તે શા માટે સતત વધી રહ્યું છે અને કદાચ એક ઈન્વેસ્ટર તરીકે પણ તમને આ પ્રશ્ન થતો હશે.

નોર્મલ સંજોગોમાં શેરબજાર અર્થતંત્રનું પ્રતિબિંબ ચોક્કસપણે કહેવાય પરંતુ અત્યારે અમેરિકન શેરબજારમાં ભરપૂર કમાયેલી વિદેશી સંસ્થાઓ ભારતીય બજારમાં મોટા પાયે રોકાણ કરી રહી છે અને તે પાછળ સેન્સેક્ષ-નિફ્ટી સતત વધી રહ્યા છે. જ્યારે બીજી તરફ તમારા પોર્ટફોલિયો અથવા તમારા મિત્ર-સંબંધીઓના પોર્ટફોલિયો ઉપર નજર કરશો તો લગભગ ૯૦ ટકા ઈન્વેસ્ટરોના પોર્ટફોલિયોમાં લગભગ ૩૦ મહિના દરમ્યાન ખાસ કોઈ સુધારો જોવા નથી મળ્યો. આમ આ પરિસ્થિતિ વચ્ચે ઈન્વેસ્ટરે ખૂબ જ સાવચેતીપૂર્વક રોકાણ કરવું અને ચાલે તેવા શેરો ઉપર જ ફોકસ રાખવું સલાહભરેલ છે.

ડિસેમ્બર મહિના દરમ્યાન કંપનીઓ દ્વારા ભરપૂર ડિસ્કાઉન્ટો અને ફેસ્ટીવ ઓફરો જાહેર કરાયા હોવા છતાં તમામ પ્રકારના વાહનોમાં સજ્જડ ઘટાડો જોવાયો હતો. ડિસેમ્બર મહિના દરમ્યાન અશોક લેલેન્ડના વેચાણોમાં ૨૮ ટકાનું ગાબડું પડ્યું હતું. સામે પક્ષે પૈસાદારો અને શોખીનોમાં વેચાણ ધરાવતી રોયલ એનફિલ્ડના વેચાણો પણ ડિસેમ્બર મહિના દરમ્યાન ૧૩ ટકા ઘટ્યા છે. હીરોમોટો કોર્પના વેચાણોમાં ૬.૪ ટકાનો અનેક નવા મોડલો લોન્ચ કરનાર મારૂતિના વેચાણોમાં ૪ ટકાનો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના યુટીલીટી વાહનોના વેચાણોમાં ૧ ટકાનો, જ્યારે તેના ટ્રેક્ટરના વેચાણોમાં ૪ ટકાનો, તાતા મોટર્સની પેસેન્જર કારના વેચાણોમાં ૧૪ ટકાનો અને ટીવીએસ મોટર્સના વેચાણોમાં ૧૪.૬ ટકાનો ઘટાડો જોવાયો છે. એસ્કોર્ટ્સના અર્થમુવીંગ ઈક્વીપમેન્ટના વેચાણોમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે. મીડીયમ અને હેવી કોમર્શીયલ ટ્રકના વેચાણો ૫૯ ટકાનો સજ્જડ ઘટાડો દર્શાવે છે પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનોના ઓર્ડરો છૂટ્યા હોવાથી કોમર્શીયલ બસના વેચાણો ૮૭ ટકા વધીને ૩૦૬૭ યુનિટ થયા હતા. લાઈટ કોમર્શીયલ વાહનોના વેચાણોમાં ૧ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે સામે પક્ષે હૂંડઈ મોટર કંપનીના વેચાણો પણ ૧૦ ટકા ઘટ્યા છે. અને હવે જાન્યુઆરી મહિના દરમ્યાન મોટા ભાગની કંપનીઓએ ઓફરો અને ડિસ્કાઉન્ટો પાછા ખેંચી લીધા હોવાથી વેચાણોમાં વધારે તીવ્ર ગાબડું પડશે તે સંભાવના દેખાય છે. સામે પક્ષે ઓટોમોબાઈલ કંપનીઓમાં સ્ટીલ અને રબરની કિંમતો વધી છે અને તેની અસર ઉત્પાદન ખર્ચ ઉપર દેખાશે અને તે કારણસર પણ નફાને અસર પડે તે ભય છે પરંતુ આવા ટ્રેન્ડ વચ્ચે પણ ઓટોમોબાઈલ શેરો વધવાને બદલે ધીરે ધીરે ઘટતા જાય છે અને તેને એક બલિહારી જ કહી શકાય.

**મારૂતિ સુઝુકી**નો શેર ધીમે ધીમે વધીને રૂા. ૭૫૦૧ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળો જોવા મળે તેવી સંભાવના મજબૂત છે. તે જ પ્રકારે ખરાબ વેચાણો હોવા છતાં **તાતા મોટર્સ**ના શેરનો ભાવ પણ છેલ્લા એક મહિનાથી ધીરે ધીરે સુધરતો જાય છે અને તાતા મોટર્સ અત્યારે રૂા. ૧૯૭-૧૯૮ ઉપર તો આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં ધીમા સુધારા સાથે રૂા. ૨૦૯-૨૧૩નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ એન્ગલથી **હીરોમોટો કોર્પ**નો શેર પણ હવે કરેકશનનો તબક્કો પૂરો કરીને રૂા. ૨૪૩૪ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં પણ ધીમા સુધારા સાથે રૂા. ૨૪૭૪નો ભાવ જોવા મળશે તે સંભાવના મજબૂત છે.

**બજાજ ઓટો** અત્યારે રૂા. ૩૧૧૨ ઉપર છે. અને આગામી દિવસોમાં બજાજ ઓટોના શેરમાં પણ થોડા દિવસો નબળાઈ રહ્યા પછી નવો સુધારો શરૂ થવાની ગણતરી છે. જ્યારે **આયશર**માં કરેકશનનો તબક્કો પૂરો થવા આવ્યો છે. અત્યારના રૂા. ૨૧૫૩૬ ઉપરના આ શેરમાં આગામી દિવસોમાં ધીમો સુધારો જોવા મળશે તેવી ગણતરી છે.

**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા** પણ ખરાબ વેચાણો છતાં અત્યારે રૂા. ૫૬૭ ઉપર ચાલી રહ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં પણ ભાવ ધીરે ધીરે સુધરતો જાય અને રૂા. ૫૯૦ આસપાસ આવી જાય તેવી ગણતરી છે.

સામે પક્ષે **અશોક લેલેન્ડ**ના શેરમાં પણ ખરાબ વેચાણો હોવા છતાં ઘટાડાની કોઈ જગ્યા નથી દેખાતી અને અશોક લેલેન્ડ આગામી દિવસોમાં રૂા. ૮૩.૫૫થી ધીરે ધીરે વધીને રૂા. ૮૮-૮૯ આસપાસ આવે તેવી ગણતરી છે. આમ ઓટો કંપનીઓમાં એકતરફ ખરાબ વેચાણોના આંકડાઓ આવ્યે જાય છે અને બીજી તરફ શેરના ભાવ સુધરી રહ્યા છે તે એક અચંબાવાળી પરિસ્થિતિ છે.

**એસએમએલ ઇઝુઝુ** અત્યારે કરેકશન પૂરું કરીને રૂા. ૪૯૬ના બોટમથી વધીને રૂા. ૬૧૦ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૬૭૦નો ભાવ જોવા મળશે તે સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે કોમર્શીયલ ઈક્વીપમેન્ટનું ઉત્પાદન કરતી **એસ્કોર્ટ્સ**નો શેર રૂા. ૪૨૩ના તળિયેથી ઊંચકાઈને રૂા. ૬૯૩ ઉપર છે. એસ્કોર્ટ્સ એમ જોઈએ તો સારો એવો વધ્યો છે અને હજી તેમાં રૂા. ૭૨૦-૭૩૦ સુધીના ભાવની સંભાવના દેખાય છે અને તેથી રોકાણ હોય તો જાળવી શકાય.

**ટીવીએસ મોટર્સ** પણ છેલ્લા થોડા દિવસોમાં સહેજ વધીને રૂા. ૪૮૮ ઉપર છે અને આ શેરમાં પણ આગામી દિવસોમાં રૂા. ૫૧૫ અને તે લેવલ પસાર થતા રૂા. ૫૨૫નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે. આમ નબળા વેચાણો વચ્ચે પણ મુંબઈના મોટા માથાઓ ઓટો શેરોને ધીરે ધીરે ઊંચકતા જાય છે અને તે પાસું પણ એકદમ રસપ્રદ કહી શકાય અને આવા સંજોગોમાં તેજીનો લાભ લેવા માટે આ શેરોમાં થોડું થોડું સિલેક્ટીવ રોકાણ કરવું ખોટું નથી.

ઓટો એન્સીલરી સેક્ટરમાં દેશની ટોચની કંપની **મધરસન સુમી**નો શેર એક તબક્કે રૂા. ૧૭૫ થઈને પાછો પડ્યો છે. થોડા દિવસો પહેલા જ આ શેરમાં રૂા. ૧૫૦નું ટોપ બન્યું હતું. અને અત્યારે ઘટીને રૂા. ૧૪૩ ઉપર આવ્યો છે. અને થોડા દિવસો આ શેરમાં નબળાઈનો ટ્રેન્ડ જોવા મળે તેવી ગણતરી છે.

સામે પક્ષે **ઓમેક્સ ઓટો** અત્યારે રૂા. ૫૭ ઉપર છે અને આ શેરમાં હજી નાના ઉછાળા સાથે રૂા. ૬૩નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે. ઓટો એરકન્ડીશનરનું ઉત્પાદન કરી રહેલી **સબ્રોસ**નો શેર મંદીની બૂમરાણો વચ્ચે રૂા. ૧૬૩થી ઊંચકાઈને રૂા. ૨૯૦ તો આવી ગયો. હજી પણ આ શેરમાં રૂા. ૩૧૦-૩૨૦નો ભાવ થોડા દિવસોમાં જ જોવા મળશે તેવી ગણતરી છે.

- **કેડિલા હેલ્થકેર**, અમદાવાદની આ કંપનીની પરિસ્થિતિ એકદમ મજબૂત, રૂા. ૨૭૩ના ભાવે શેર આકર્ષક, નાનું રોકાણ કરી દો, અને ધીમા સુધારા સાથે રૂા. ૩૦૦ ઉપરના ભાવની ગણતરી.
- **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ**, રૂા. ૧૧૩ થયેલો ત્યારે લેવાની વાત કરી હતી અને ફરી પાછો રૂા. ૧૨૮ આવી ગયો, લાર્સન એન્ડ ટુબ્રોની લગડી અને સલામત મેનેજમેન્ટ, પૈસા ડૂબ્યાનો ભય દૂર થયો છે અને તેથી શેર દોડવાનો, અન્ય એનબીએફસી અત્યારે તીવ્ર નાણાભીડમાં હોવાથી એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગને ફાયદો, હજી મોડું નથી થયું. લીધા ન હોય તો રૂા. ૧૨૮ના ભાવે લઈ લો, થોડા દિવસોમાં રૂા. ૧૪૨નો ભાવ બતાવશે.
- **બજાજ ફિનાન્સ**, મોટા ભાગની ફિનાન્સ કંપનીઓ અત્યારે તીવ્ર નાણાભીડમાં અને તેનો ભરપૂર લાભ ઊઠાવવા માટે બજાજ ફિનાન્સ તૈયાર, દરેક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ફોન કરીને લોન લેવા માટે આકર્ષે છે. અને ભંડોળ પણ જોરદાર છે. શેરમાં હજી પણ તોતીંગ ઉછાળાની જગ્યા. રોકાણ જાળવી રાખજો.
- **શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફિનાન્સ**, પીરામલ ગ્રૂપે તો હોલ્ડિંગ વેચી નાખ્યું, તેમ છતાં આ શેરમાં જોવાતો અપટ્રેન્ડ, અને ગમે ત્યારે કોઈ મોટું ગ્રૂપ દાખલ થઈ જાય તો નવાઈ નહીં લાગે. આ કંપનીમાં કોટક ગ્રૂપ દાખલ થવાની મુંબઈના ખેલાડીઓની ગણતરી. ઓટો સેક્ટરના ધિરાણોને કારણે કોટક ગ્રૂપને રસ પડવાની વાત, રૂા. ૧૨૧૮ ઉપર મળી રહ્યો છે અને આવતા થોડા દિવસોમાં આંકડાની અદલાબદલી કરીને રૂા. ૧૨૮૧ બતાવશે અને ધીમા સુધારા સાથે રૂા. ૧૩૧૮ના ભાવની સંભાવના મજબૂત છે.
- **બર્જર પેઇન્ટ**, ક્રૂડના ભાવમાં તોતીંગ ઘટાડો અને તે પાછળ માર્ચ ક્વાર્ટરમાં બમ્પર નફો આપશે. રૂા. ૫૭૪ના ભાવે થોડાક શેર લઈને મૂકી દેજો, જોતજોતામાં રૂા. ૬૨૦ના ભાવની ગણતરી.
- **ડીમાર્ટ**, પ્રમોટર ક્યુઆઈપી ઈશ્યૂ દ્વારા પોતાનું હોલ્ડિંગ ઝડપથી ઘટાડશે, છેલ્લા થોડા અઠવાડિયા દરમ્યાન ભાવને ઝડપથી ઊંચકીને રૂા. ૨૨૯૪-૨૩૦૦ ઉપર લાવી દીધો છે અને ક્યુઆઈપી ઈશ્યૂ પછી ભાવને ટકાવી રાખવામાં શું રસ પડે ? ભાવ તૂટે તે પહેલા તમે હળવા થઈ જાવ.
- **યુનાઇટેડ સ્પીરીટ**, બજેટની નિરાશાજનક આપ્યું, અને તેથી તેનો ગમ ભૂલાવવા માટે દારૂ પીવો પડે તેવી પરિસ્થિતિ, યુનાઈટેડ સ્પીરીટની માંગ વધવાની, રૂા. ૬૫૪વાળા આ શેરમાં આકર્ષણ, ઝડપી ફરનારને રૂા. ૫ની નોટ આપી જાય.
- **શ્રી સિમેન્ટ**, દેશની સૌથી કાર્યદક્ષ સિમેન્ટ કંપની તરીકે સ્થાન, માંગમાં વૃદ્ધિ ઠંડી, તેમ છતાં ક્રૂડના ભાવ ઘટ્યા હોવાથી માર્ચ ક્વાર્ટરનો નફો પણ સારો આવશે, વેલ્યૂએશન ખૂબ જ મોંઘું, અત્યારના ભાવે હજી ત્રણથી ચાર ટકા વધી શકે, પરંતુ પ્રોફિટ બુકીંગ માટે તૈયાર રહેવું, ગમે ત્યારે નેગેટીવ સમાચાર અને કરેકશન આવી જવાનો ભય.
- **યુનાઇટેડ બ્રુવરી**, બજેટનો ગમ ભૂલાવવા માટે કેટલાક બિયર પીશે અને યુનાઈટેડ બ્રુવરીના શેરને પણ ફાયદો, રૂા. ૧૩૪૩વાળો શેર ધ્યાનમાં રાખવો અને ઝડપથી રૂા. ૧૪૪૪નો ભાવ આવી જવાની ગણતરી.
- **એચડીએફસી એએમસી**, અસંખ્ય ઈન્વેસ્ટરોને એચડીએફસી બ્રાન્ડ ઉપર અનહદ ભરોસો, સફળ ક્યુઆઈપી ઈશ્યૂ પછી ફરી એક વખત આ શેરમાં મોટા પાયે ઈન્વેસ્ટમેન્ટ લેવાલી વધી છે. રૂા. ૩૩૧૩માં મળે છે. યથાશક્તિ એક-બે-પચાસ શેર લઈને મૂકી દો અને થોડા દિવસોમાં જ તમને રૂા. ૩૭૦૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે. ૧૨-૧૮ મહિને આ શેરમાં રૂા. ૫૦૦૦ના ભાવની આરએસની ગણતરી.
- **અરવિંદો ફાર્મા**, હજી ફાર્મા શેરો તરફ ફેન્સીનો અભાવ, તેમ છતાં રૂા. ૫૧૦ના ભાવે મળતા આ શેરમાં મોટા ખેલાડીઓનું આકર્ષણ, વધારે નહિ તો ૧૦ શેર લઈને મૂકી શકાય.
- **તાતા ગ્લોબલ બેવરેઝીસ**, તાતા સોલ્ટ આ કંપની પાસે આવ્યા પછી અન્ય કન્ઝ્યુમર બિઝનેસમાં પણ ઝડપથી આગળ વધશે, રૂા. ૩૯૨ ઉપર આવી ગયો છે. વેચી નાખવાની ઉતાવળ ન કરતા. થોડા મહિનામાં રૂા. ૪૫૦નો ભાવ બતાવે તે સંભાવના મજબૂત.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સીયલ**, આ કંપની પાસે હજી પણ જોરદાર ભંડોળ અને તે પાછળ મજબૂત ધિરાણ વૃદ્ધિ બતાવે, રૂા. ૩૯૧ના ભાવે મફત છે. રૂા. ૫૦ ક્યાં ઉમેરાય જશે તે ખબર પણ નહિ પડે.
- **કેસ્ટ્રોલ ઇન્ડિયા**, રૂા. ૧૪૮ના ભાવે આકર્ષક, આંકડાની અદલાબદલી થવાની, રૂા. ૧૮૪ બતાવે.
- **માઇન્ડ-ટ્રી**, લાર્સનવાળાની કંપની, નામની આગળ લાર્સન લાગશે ત્યારે બીજો જાદુ થવાનો, મોડું નથી થયું, રૂા. ૯૦૨માં લઈ લો, રૂા. ૧૦૦૨ બતાવશે.

## ગામની ગપસપ

- **મન્નાપુરમ ફિનાન્સ**, છેલ્લા ત્રણ મહિનાથી ધીરે ધીરે ઊંચકાતો જાય છે અને અત્યારે રૂા. ૧૯૦ ઉપર આવી ગયો. સોનાના દાગીના ઉપરના ધિરાણોમાં સુંદર વૃદ્ધિ અને સાથે સાથે પોર્ટફોલિયો હવે હાઉસીંગ લોન અને ઓટોલોનને કારણે બેલેન્સ થઈ રહ્યો છે. વિદેશી રોકાણકારોનું આકર્ષણ, રૂા. ૧૯૧માં ધ્યાનમાં રાખવો અને થોડા દિવસોમાં જ રૂા. ૨૦૧-૨૧૧ના ભાવની સંભાવના મજબૂત.
- **એચડીએફસી લાઈફ**, છેલ્લા પાંચ અઠવાડિયાથી ધીરે ધીરે ઘટાડાના તબક્કામાં, રૂા. ૫૯૦-૬૦૫ની રેન્જમાં સુંદર વેલ્યૂબાઈંગની તક અને થોડા-થોડા શેરો છ મહિનાના એન્ગલથી ભેગા કરો, રીટર્ન મળશે.
- **તાતા ગ્લોબલ**, તાતા સોલ્ટ સાથેનું મર્જર છેલ્લા તબક્કામાં અને તે પછી ડિટરજન્ટ અને સાબુના વિશાળ માર્કેટમાં ઝંપલાવશે. રૂા. ૩૮૧ના ભાવે પણ આકર્ષણ, શોર્ટટર્મમાં રૂા. ૪૩૦ના ભાવની ગણતરી.
- **એક્સાઈડ ઇન્ડસ્ટ્રીઝ**, ઓટો સેક્ટર માટે પોઝિટિવ બજેટ અને સ્વાભાવિક છે કે બેટરીની માગ વધે, રેલવે માટેના એલોકેશનનો ફાયદો પણ રેલવે બેટરીના વેચાણો ઉપર દેખાશે, રૂા. ૧૯૯ના ભાવે ધ્યાનમાં રખાય અને ધીમા સુધારા સાથે રૂા. ૨૨૧ ટચ થવાની ગણતરી.
- **માઇન્ડ-ટ્રી**, લાર્સન એન્ડ ટુબ્રો હસ્તક આવ્યા પછી આ શેરના સેન્ટીમેન્ટમાં સુધારો અને પરિણામો પણ ઝડપથી ઊંચકાયા. રૂા. ૮૮૮ના ભાવે ધ્યાનમાં રખાય. આગામી દિવસોમાં રૂા. ૯૮૮ના ભાવની સંભાવના મજબૂત.
- **બર્જર પેઈન્ટ્સ**, રૂા. ૫૭૦ ઉપર મળી રહ્યો છે. મુખ્ય કાચામાલ ક્રૂડના ભાવમાં તોતીંગ ઘટાડો, નફાશક્તિ ઊંચકાશે અને સામે પક્ષે રીયલ એસ્ટેટ અને ઓટો સેક્ટર




માટે થોડી રાહતો. થોડા શેરો લઈને મૂકી શકાય અને ઉપરમાં રૂા. ૬૨૦-૬૩૬ના ભાવની ગણતરી.
- **એસ્સેલ પેકેજિંગ**, રૂા. ૧૮૬ ઉપર મળી રહ્યો છે. વિદેશી પ્રાઈવેટ ઈન્વેસ્ટરો પાસે આ કંપનીનું પ્રમોટર હોલ્ડિંગ. પ્રોફેશનલ મેનેજમેન્ટનો મજબૂત ફાયદો નફાશક્તિ ઉપર દેખાય, વધારે નહિ તો ૫૦ શેર લઈને મૂકી દો, શોર્ટટર્મમાં જ રૂા. ૨૦૬ના ભાવની ગણતરી.
- **ગુજરાત ગેસ**, ઝડપી ઉછાળા પછી શેર થોડો ઘટીને રૂા. ૨૮૮ ઉપર આવ્યો છે. નફો સારો આવવાની ગણતરી અને બજારમાં ફરતો માલ ખૂબ નાનો, ઘટીને રૂા. ૨૮૮ ઉપર આવેલા આ શેર ઉપર ફોકસ કરાય.
- **એપીએલ ઓપોલો**, બ્રાન્ડ એમ્બેસેડર તરીકે હવે અમિતાભ બચ્ચન અને સાદી સ્ટીલ પાઈપો વેચવાને બદલે બ્રાન્ડેડ પ્રોડક્ટો ઉપર કંપનીનું ફોકસ, ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો પ્રોત્સાહક છે. ધીમા સુધારા સાથે રૂા. ૨૧૫૦ના ભાવની ગણતરી.
- **જીંદાલ ડ્રીલ**, રૂા. ૧૦૯વાળા આ શેરને બજેટની જોગવાઈઓનો આડકતરો ફાયદો, નફાશક્તિ પણ સુધરવાની, મુંબઈના ખેલાડીઓની વધી રહેલી લેવાલી, શોર્ટટર્મમાં જ રૂા. ૧૨૫-૧૩૦ના ભાવની ગણતરી.
- **રત્નમણિ મેટલ**, કંપની પાસે ટ્યૂબના જોરદાર ઓર્ડરો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે પણ માગ અને નફાશક્તિ વધવાની. રૂા. ૧૨૨૫ના ભાવે શેર ધ્યાનમાં રાખવો અને શોર્ટટર્મમાં જ રૂા. ૧૩૨૫ના ભાવની સંભાવના મજબૂત છે.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સીયલ**, ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો સારા આવ્યા અને હવે બજેટ અને સ્ક્રેપેજ પોલિસીને કારણે વાહનોના વેચાણો વધવાના. ફિનાન્સ કંપનીને ફાયદો, રૂા. ૩૬૮ના ભાવે મફત છે. ધીમા સુધારા સાથે રૂા. ૪૧૨ના ભાવની છ મહિને ગણતરી.
- **જ્યુબીલન્ટ ફુડવર્ક્સ**, રીટેઈલ માગને પ્રોત્સાહન અને પિત્ઝાના માર્કેટમાં મોનોપોલી જેવી પોઝિશન ઉપરની જ્યુબીલન્ટ ફુડવર્ક્સને ફાયદો મળી જશે. અત્યારના રૂા. ૧૮૩૨ના ભાવે પકડી રખાય.





**DYNAMIC INDUSTRIES LIMITED**

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months ended on 31st December, 2019** (Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended on 31.12.2019 | Corresponding quarter ended in the previous year 31.12.2018 | Nine Months Ended on 31.12.2019 |
|---|---|---|---|
| Total Income from the operations | 862.25 | 1211.14 | 4358.98 |
| Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 22.00 | 102.03 | 218.08 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 22.00 | 102.03 | 218.08 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 31.17 | 72.48 | 158.6 |
| Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and other comprehensive Income (after tax)] | 29.63 | 71.00 | 158.26 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | | | |
| Earning per share (of Rs.10 each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | 1.03 | 2.39 | 5.24 |
| Diluted: | 1.03 | 2.39 | 5.24 |

**Notes to the Unaudited Financial Results for the Quarter and Nine Months ended on 31st December, 2019**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).
2.The above financial results of the Company were reviewed by the Audit Committee in its meeting held on February 10th, 2020. The Board of Directors in its meeting held on February 10th, 2020 approved the same and also Limited Review of results for the quarter and Nine Months ended on 31st December, 2019 were carried out by the Statutory Auditors.
3. The company has only one segment of activity named "Chemicals" i.e. Dyes, Dye Intermediates and Pigments.
4.Figures of the previous quarter/period have been regrouped, wherever necessary.

For, Dynamic Industries Ltd.
Sd/-
Harin Dhanvantlal Mamlatdarna
Chairman & Whole Time Director
DIN: 00536250

Date : 10th February, 2020
Place : Ahmedabad